# ધી નવાનગર કો–ઓપરેટીવ બેંક લી.

## <u>આર.બી.આઈ.ની ધિરાણ રી–સ્ટ્રક્ચરીંગ યોજના હેઠળ</u>
## <u>વ્યકિતઓ માટે ધિરાણ રી–સ્ટ્રક્ચરીંગ પોલીસી</u>

1. આ સ્કીમ નીચે રી–સ્ટ્રક્ચર કરવા માટેની અરજી ખાતેદારે કરવાની રહેશે.
2. કોવીડ-૧૯ને લીધે નિર્મિત પરિસ્થિતિઓને કારણે તેના આવકના સ્ત્રોતમાં અસર ઉભી થઈ છે. આવા સંજોગોને કારણે તે ધિરાણ ભરપાઈ કરવામાં મોડો અથવા અક્ષમ બનેલ છે તે મતલબનું કોઈ પ્રુફ મળી શકે તો લેવાનું રહેશે.
3. આ યોજનાનો લાભ વ્યક્તિગત ધોરણે પર્સનલ લોન લેનારને (બેંકના સ્ટાફ અથવા વ્યક્તિઓ સિવાયના), વ્યકિતગત ધોરણે ધંધાના હેતુંથી લીધેલ રૂા. ૨૫.૦૦ કરોડથી ઓછી લોન અથવાતો તા. ૩૧/૦૩/૨૦૨૧ના રોજ એમ.એસ.એમ.ઈ. હેઠળ સમાવિષ્ઠ ન હોય તેવા નાના ધંધાઓ કે જેનું કુલ ધિરાણ ૨૫.૦૦ કરોડથી વધુ ન હોય તેને આપી શકાશે.
4. આ યોજના અંતર્ગત આપણે નીચે મુજબની રીતે લોન રી–સ્ટ્રક્ચર કરી શકીએ છીએ.
    1. કાર્યશીલ મુડી માટે આપેલ ધિરાણના વ્યાજનું ઓછી મુદતની (૬ માસથી ૧ વર્ષ) ટર્મલોનમાં રૂપાંતર આ રીતે રૂપાંતરીત ટર્મલોન છ મહિનાના મોરેટોરીયમ બાદ છ માસીક હપ્તાથી રીપેમેન્ટ કરવાનું રહેશે. મોરેટોરીયમ દરમ્યાન નવી ટર્મલોનનું વ્યાજ અલગથી ભરવાનું રહેશે.
    2. ટર્મલોન લોનના કિસ્સામાં વધુમાં વધું બે વર્ષ સુધીનો (મુદલ પરત ચૂકવણીનો) મોરેટોરીયમ આપી શકાશે.(મોરેટોરીયમ પીરીયડ દરમ્યાન દર માસે વ્યાજ જેટલી રકમ જ ચૂકવવાની રહેશે.)
    3. ટર્મલોન લોનના કિસ્સામાં વધુમાં વધું બે વર્ષ સુધીનો લોનના સમયગાળામાં વધારો (મોરેટોરીયમના વિકલ્પમાં) કરીને લોનના હપ્તાં તે મુજબ નાના કરી શકાશે.
    4. બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મંજુરીથી કોલેટરોલ સિક્યોરીટીની પર્યાપ્તતા ધ્યાને લઈને સ્ટોક માર્જીન ઘટાડીને લીમીટમાં વધારો આપી શકાશે.
5. <u>આ યોજનાનો લાભ તા. ૩૧/૦૩/૨૦૨૧ના રોજ સ્ટાન્ડર્ડ એસેટ્સ હોય તેવા ખાતાઓને જ લાગું કરી શકાશે.</u>
6. આ યોજના તા. ૩૦/૦૯/૨૦૨૧ સુધી આવેલી અરજીઓ માટે લાગું કરી શકાશે ત્યારબાદ આર.બી.આઈ. દ્વારા લીમીટ વધારવામાં આવે તો બોર્ડની મંજુરીથી સમયગાળો લંબાવી શકાશે.
7. આ યોજના અંતર્ગત આર.બી.આઈ.એ ઈશ્યુ કરેલ ગાઈડલાઈન્સનું સંપુર્ણ પણે પાલન કરવાનું રહેશે અને તેમાં ભવિષ્યમાં કોઈ ફેરફાર / સુધારો / વધારો આવે તો તેનુ પણ પાલન કરવાનું રહેશે.
8. આર.બી.આઈ. એ ઈશ્યુ કરેલ Resolution Framework 1.0 નાં પેરેગ્રાફ નં ૧૦ માં દર્શાવેલી તમામ શરતોનું પાલન કરવાનું રહેશે તો જ આ યોજના અમલી બનશે.
    1. આ માટે જરૂરી ડોક્યુમેન્ટ્સ, એગ્રીમેન્ટ્સ વગેરે ખાતેદારે એક્ઝીક્યુટ કરવાના રહેશે અને જરૂરીયાત મુજબની કોલેટરોલ સિક્યોરીટી આપવાની રહેશે.
    2. લોનની શરતોમાં ઉપરોક્ત સ્કીમ નીચે જે ફેરફારોને મંજુરી આપેલ હશે તે પ્રમાણે બેંકની સી.બી.એસ. સીસ્ટમમાં જરૂરી ફેરફાર કરવાના રહેશે.
    3. હવે પછી જે શરતો નક્કી કરવામાં આવેલ છે તે મુજબ ખાતેદાર ડિફોલ્ટ રહેતો ન હોવા જોઈએ.
9. લોન રી–સ્ટ્રક્ચર કરતી વખતે વ્યક્તિગત એક્સપોઝર લીમીટની મર્યાદા સુધીની જ થઈ શકશે.

10. આ યોજના અંતર્ગત તા. ૦૧/૦૪/૨૦૨૧ થી તા. ૩૧/૦૮/૨૦૨૧ દરમ્યાન કોઈપણ ખાતું એન.પી.એ. થયેલ હોય તેવા ખાતાઓને સ્કિમનો અમલ કર્યા બાદ તેને પી.એ. તરીકે અપગ્રેડ કરી શકાશે.

11. આ યોજનામાં દાખલ થયેલા ખાતાઓને ત્યારબાદ આર.બી.આઈ. દ્વારા નક્કિ કરેલા આઈ.આર.એ.સી. નોર્મ્સ લાગું પડશે.

12. આ સ્કિમનો અમલ કર્યા પહેલાં ખાતેદારને લીકવીડીટીની જરૂરીયાત હોય તો તે માટે વધારાનું ધિરાણ આપી શકાશે જે સ્ટાન્ડર્ડ એસેટ્સ ગણાશે અને ખાતેદારે નિયત સમય માર્યાદામાં રીઝોલ્યુએશન પ્લાનનો અમલ કરવાનો રહેશે.

13. આ સ્કિમ નીચે આવતા ખાતાઓનું આઈ.આર.એ.સી. નોર્મ્સ નીચે કરવામાં આવતા પ્રોવિઝન ઉપરાંતનું વધારાનું ૧૦% પ્રોવીઝન કરવાનું રહેશે.

14. આ રીતે જે વધારાનું ૧૦% પ્રોવિઝન કરેલ હશે તે બાકી ધિરાણના ૨૦% જેટલું પેમેન્ટ થયા બાદ પ્રોવિઝનના ૫૦% રકમ રીવર્સ કરી શકાશે. બાકી રહેલ ૫૦% રકમ બીજા ૧૦% જેટલું બાકી રહેલ ધિરાણ (રી–નેગોશીએટેડ ડેબ્ટ એક્સપોઝર)ના પેમેન્ટ થયા બાદ રીવર્સ કરી શકાશે.

15. આ રીઝોલ્યુએશન પ્લાન નીચે સમાવેશ કરેલ ખાતાઓ ઉપર કરેલ પ્રોવીઝન આવું ખાતું એન.પી.એ. થાય ત્યારે રીવર્સ કરી શકાશે અને આઈ.આર.સી.એ. નોર્મ્સ મુજબ એન.પી.એ. થયેલ ખાતાનું પ્રોવિઝન કરવાનું રહેશે.

16. આ પોલીસી આર.બી.આઈ.ની ગાઈડલાઈન્સને આધારે તૈયાર કરવામાં આવી છે.

સ્થળ : જામનગર (એ. એન કપાસી)
તારીખ : ૨૮/૦૬/૨૦૨૧ મુખ્ય કાર્યકારી અધિકારી

તા. ૧૫/૦૯/૨૦૨૧ ના રોજની બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટીંગમાં ઠરાવ નં ૧૯ થી ઉપરોક્ત પોલીસીને બહાલી આપવામાં આવે છે.